અપીલ અરજી નં.૧૩૦/૦૮–૦૯ તા. ૧૮–૮–૦૮

અરજદારઃ શ્રીકલ્યાણ બાબુરાવ શહાણે
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રીકલ્યાણ બાબુરાવ શહાણે ની તા.૧૯–૭–૦૮ ની અરજીથી ફાઈનલ પ્લોટ નં.૭૮ માં આવેલ પ્લોટ નં.૧૬ મહાલક્ષ્મી સોસાયટી નં.ર ૧૨૦ ફુટ બમરોલી રોડ ઉધના સુરત ઉપર દુકાન બાંધવાનું કામ ચાલુ છે તેના પ્લાન પાસ કરેલ છે કે કેમ? બી.યુ.સી. મેળવેલ છે કે કેમ? પાર્કીગ માટે જગ્યા છોડેલ છે કે કેમ? અને તે કોની માલીકીનું છે. કેટલા માળનું કામ ચાલુ છે તેની સવિસ્તાર વિગત તથા સદર બાંધકામની તા.૧૯–૭–૦૮ સુધી આકારણી થયેલ છે કે કેમ? તેની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૦/૨૦૦૮–૦૯

શ્રીકલ્યાણ બાબુરાવ શહાણે ની તા.૧૯–૭–૦૮ ની અરજીથી ફાઈનલ પ્લોટ નં.૭૮ માં આવેલ પ્લોટ નં.૧૬ મહાલક્ષ્મી સોસાયટી નં.ર ૧૨૦ ફુટ બમરોલી રોડ ઉધના સુરત ઉપર દુકાન બાંધવાનું કામ ચાલુ છે તેના પ્લાન પાસ કરેલ છે કે કેમ? બી.યુ.સી. મેળવેલ છે કે કેમ? પાર્કીગ માટે જગ્યા છોડેલ છે કે કેમ? અને તે કોની માલીકીનું છે. કેટલા માળનું કામ ચાલુ છે તેની સવિસ્તાર વિગત તથા સદર બાંધકામની તા.૧૯–૭–૦૮ સુધી આકારણી થયેલ છે કે કેમ? તેની વિગત આપવા બાબતે આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી. પ્લાન પાસ થયેલ છે કે કેમ?તેની માહિતી આપેલ નહીં હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/અકણ/૬૨૬ તા.૧૨–૮–૦૮ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૪ તા.૨૭–૦૮–૦૮થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્રપાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઝોન (ઉધના)/આ.નં.૭૦૬ તા.૪–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે ફા.પ્લોટ નં.૭૮ માં આવેલા પ્લોટ નં.૧૬ મહાલક્ષ્મી સોસા,નં.ર ૧૨૦ ફુટ બમરોલી રોડ ઉધના પ્લોટ ઉપર બાંધકામના પ્લાનની,બીયુસી અને પાર્કીગની માહિતી માંગવામાં આવેલ તથા કયા અધિકારીના વિસ્તારમાં ચાલ ે છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ સુમનપા ધ્વારા કોઈ વિકાસ/વસવાટ ની પરવાનગી આપવામાં આવેલી નથી. તથા તે કાર્યપાલક ઈજનેર સાઉથ ઝોનના તાબા હેઠળ ચાલે છે તેવા સા.ઝોન/ટેક./આ.નં.૩૮૭૫ તા.૧૨–૮–૦૮ થી અરજદારને પૂરી પાડયાની નકલ અત્રે રજુ કરેલ છે. તે કોની માલીકીનું છે અને કેટલા માળનું કામ ચાલું છે તથા બાંધકામની તા.૧૯–૭–૦૮ સુધીની આકારણી થયેલ છે કે કેમ? જે અંગે જાહેર માહિતી અધિકારીએ પ્લોટ નં.૧૬ વાળી મિલ્કત શ્રી માધુભાઈ ઈશ્વરભાઈ પટેલ,પાર્વતીબેન જેઠાભાઈ પટેલ તેમજ શ્રી મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈના નામે હોલ્ડર તરીકે દુકાન દાખલ છે ચાલતાં બાંધકામની ૧૯–૭–૦૮ સુધી આકારણી કરવામાં આવેલ નથી. આ રીતે માંગેલ માહિતી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સા.ઝોન/અકણ/૬૨૬ તા.૧૨–૮–૦૮ થી નિયત સમય મર્યાદામાં અરજદારને પૂરી પાડેલ છે. અરજદારે અપીલ અરજીમાં અધૂરી માહિતી અને ગેરકાયદેસર બાંધકામ અંગે રજુઆત કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૯–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ હોઈ માહિતી આપવા સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રીકલ્યાણ બાબુરાવ શહાણે,